# બજારોમાં વિવિધ પ્રકારના કચ્ચરિયા પાક આવ્યા

ગાંધીનગર, તા. ૨૧


ગાંધીનગર માં વર્ષો થી પેથાપુર ખાતે શિયાળા દરમિયાન વિવિધ પ્રકારના શિયાળુ પાક બનાવતા જયંતીલાલ ચીક્કી વાલા ને ત્યાં હાલમાં સ્વાસ્થત વર્ધક કચારિયા નુ વેચાણ શરૂ થઈ ચૂક્યું છે. કચરીયા ઉપરાંત પણ ઘણી બધી વાનગીઓ નું વેચાણ અહીંયા થઈ રહ્યું છે.શહેરીજનો અહીંયા થી દર વર્ષે શિયાળામાં સ્પેશિયલ કચરિયું બનાવડાવે છે.જેમાં સૂંઠ ગંઠોડા,સાદું અને સ્પેશિયલ જયંતીલાલ કચરિયું ઓન ડિમાન્ડ રહે છે આ વખતે છેલ્લા બે વર્ષ કરતા ભાવ માં વધારો નોંધાયો છે. જેમાં સાદું કચરિયું ૨૦૦ રૂ.કિલો, સૂંઠ ગંઠોડા નુ કચરિયું ૨૪૦ રૂ. કિલો,સ્પેશિયલ જયંતીલાલ કચરિયું ૪૦૦ રૂ.કિલો ના ભાવે લોકો ને મળશે.પેથાપુરમાં વર્ષોથી જાણીતા જયંતીલાલ ચીક્કી વાલા ના વેપારી આદિત્ય પટેલ સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે આ વર્ષે તલ સહિત કચારિયા માં વપરાતી વસ્તુઓ ના ભાવ માં વધારો થયો હોવાથી ભવા વધારો થયો છે. રૂપિયા ૧૬૦ માં મળતું કચરિયું આ વર્ષે લોકોને ૨૦૦ રૂપિયા માં મળશે.

તલને ઘાણીમાં પીસી કચ્ચરિયા પાક બનાવતા હોય છે. જે નજર સમક્ષ બનાવતા હોઈ અહીં આવતા ગ્રાહકોને શુદ્ધ કચ્ચરિયાનો સ્વાદ ખેંચી લાવે છે. આ શિયાળુ પાકમાં મહત્વનું ગણાતા અને સ્વાદનો ચસ્કો એવા કચરિયા પાકની વાત કરીએ તો અહીંયા કાળા અને ધોળા તલનું કચરિયું બનવવામાં આવે છે.

સામાન્ય રીતે શિયાળાની સીઝનમાં ઠંડીનો સામનો કરવો ખૂબ મુશ્કેલ બનતો હોય છે ત્યારે આ ઠંડીમાં ટકી રહેવા વર્ષો થી શિયાળુ પાકનું સેવન કરવામાં આવી રહ્યું છે જે ઠંડી સામે રક્ષણ અપાવે છે. ત્યારે આ શિયાળુ પાકમાં મહત્વનું ગણાતા અને સ્વાદનો ચસ્કો એવા કચરિયા પાકની વાત કરીએ તો કાળા અને ધોળા તલનું કચરિયું બનવવામાં આવે છે. જે માટે શહેરમાં શિયાળો શરૂ થતાની સાથે જ ઠેર ઠેર તેલઘાણીના સ્ટોલ લાગી જતા હોય છે અહીં રોજ બરોજ હજારો કિલો તલ પીસી તેમાંથી વિવિધ પ્રકારનું કચ્ચરિયું બનવવામાં આવે છે જે કચ્ચરિયું દેશ વિદેશ સુધી મોકલવામાં આવે છે.

### શહેરમાં પેથાપુરનું જયંતીલાલ ચિક્કિવાલાનું કચરિયું સૌથી લોકપ્રિય છે.





ગ્રાહકોને શુદ્ધ કચરિયાનો સ્વાદ ખેંચી લાવે છે પેથાપુર

વર્ષો થી "જયંતીલાલ ચીક્કી વાલા" ખાતે તલને ઘાણીમાં પીસી કચ્ચરિયા પાક બનાવતા હોય છે જે નજર સમક્ષ જ બનાવતા હોઈ અહીં આવતા ગ્રાહકોને શુદ્ધ કચરિયાનો સ્વાદ ખેંચી લાવે છે ત્યારે ના માત્ર સ્થાનિક પરંતુ બહારગામના ગ્રાહકો પણ અહીં થી મોટાપ્રમાણમાં કચરિયું લઈ જઈ પોતાના સગા સ્નેહી સબંધીઓને પહોંચાડે છે.વાત કરીએ કચરિયા પાકનાની પસંદ અને તેના સેવનની તો અહીં આવતા ગ્રાહકો પોતે શિયાળામાં કચરિયાનું સેવન કરી ઠંડી સામે રક્ષણ મેળવે છે સાથે જ આરોગ્ય માટે રક્ષા કવચ પૂરું પડતા આ કચરિયા અનેક ગણું પોષણકારી અને ગુણકારી હોવાનું માની રહ્યા છે.

આવો જાણીએ આ સ્વાદિષ્ટ કચરિયાની બનાવટ અને સ્વાદનું રાજ!

આજે જ્યારે પેથાપુર ના સ્વાદિષ્ટ કચરિયાના આટલા વખાણ ગ્રાહકો કરી રહ્યા છે. ત્યારે સૌ કોઈને જાણવાનું મન થાય કે આખરે આ સ્વાદિષ્ટ કચરિયું બને છે કેમ તો કચ્ચરિયાની ઘાણી ચલાવતા કારીગરના જણાવ્યું અનુસાર ધોળા કે કાળા તલને પહેલા ઘાણીમાં નાખી પીસવામાં આવે છે જે બાદ તલનું તેલ નીકળી જાય પછી તેમાં કાળા કે ધોળા ગોળને પ્રમાણ સર નાખવામાં આવે છે અને જ્યારે તલ-ગોળ એક બીજામાં ભળી જાય બાદમાં સૂંઠ, ખસખસ,દેશી ગુંદર અને ગંઠોડા જેવા ઔષધીય મસાલા પ્રમાણસર નાખવામાં આવે છે. ઘી માં સેકવામાં આવે છે. આમ થોડીક વારમાં ઘાણીમાં નાખેલી બધીજ વસ્તુઓ પીસાઈ જતા કચરિયું તૈયાર થઈ જાય છે જે બાદ તેમાં ડ્રાયફ્રુટ, ચેરી, સહિતની ચીજ વસ્તુઓ નાખી સજાવટ કરવામાં આવે છે આમ લોકોનું સ્વાદપ્રિય કચ્ચરિયું તૈયાર થઈ જાય છે.

**કચરીયાના ફાયદા:**

કચરીયું ખાવાથી વાયુના રોગ, જેમકે સાંધાના દુ:ખવામાં રાહત મળે છે.

તલ અને ગોળમાં કેલ્શિયમ હોય એટલે શરીરમાં કેલ્શિયમ મળી રહે છે, જેના કારણે સાંધાનો ઘસારો ભરાતો પણ હોય છે.

પેરાલિસીસ તેમજ કંપવાત જેવા વાયુના રોગ જેમાં શરીરની ક્રિયા અવરોધાતી હોય છે તેમાં પણ કચરીયું ખાવાથી રાહત મળે છે.

શિયાળામાં પેરાલીસીસ અને કંપવાતના હુમલા વધતા હોય છે એટલે કચ્ચરીયું શિયાળામાં ખાવાથી તેને રોકી પણ શકાય છે કચરીયું ખાવાથી સ્કીન પર સારી એવી ચમક જળવાઈ રહે છે

**વિવિધ પ્રકારના કચારિયા:**

સાદું કચરિયું,સૂંઠ ગંઠોડા કચરિયું,ઓછા ગોળવાળું,દેશી ગોળનું,ડ્રાય ફ્રુટ વાળું,ચોકલેટ, ચોકોવિટા વાળું,ઈલાયચી વાળું,કોપરાનું , કાળા તલનું...

## આમ આદમી પાર્ટીનું વાવોલ વિસ્તારમાં પ્રચાર અભિયાન



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરમાં વિધાનસભાની ચુંટણીઓમાં રાજકીય પાર્ટીઓ વચ્ચે પ્રચારની હોડ જામી છે અને દરેક પાર્ટીના પ્રચારકો નીતનવા વિસ્તારમાં જઈને પ્રચાર અભિયાન હાથ ધરતાં જોવા મળે છે.

આજે ગાંધીનગરના વાવોલ વિસ્તારમાં આમ આદમી પાર્ટીના કાર્યકરોએ સોમવારના દિવસે પ્રચાર અભિયાન હાથ ધર્યુ હતું. આ કાર્ય દરમ્યાન તેમણે વિવિધ સોસાયટીઓમાં પેમ્ફલેટ્સ જેવાં પ્રચાર સાહિત્યના વિતરણ સાથે રસ્તા પર ઉભા રહીને આવતાં જતાં વાહનચાલકોને ઉભા રાખીને તેમની વાત રજુ કરવા સાથે સાથે પાર્ટીના ચુંટણી નિશાન ઝાડુની છાપવાળી ટોપીઓ પણ પહેરાવી હતી

## ચુંટણીના કારણે

# ગ્રામ્ય વિસ્તારોમાં અલગ જ "ગરમાવો"..!!

### ગ્રામ્ય મતદારોને રીઝવવા દિવસે પ્રચાર સાથે રાત્રે નાના મોટા જુથમાં ખાટલાં બેઠકોનો દૌર : ગ્રામ્ય વિસ્તારમાં મતદાતાઓમાં જ્ઞાતિવાદી સમીકરણોને કારણે ઉમેદવારો એડીચોટીનું જોર લગાવી રહ્યાં છે

ગાંધીનગર, તા. ૨૧

એકતરફ ગાંધીનગરમાં વિધાનસભાની ચુંટણીઓનો માહોલ જામ્યો છે અને બીજી તરફ શહેરમાં ધીમે ધીમે ઠંડીનું જોર વધી રહ્યું છે. શહેર કરતાં ગ્રામ્ય વિસ્તારમાં ઠંડી પ્રમાણમાં વધુ અનુભવાય છે.

જોકે શિયાળાની આ ઠંડી મૌસમમાં પણ રાજકીય પ્રચાર ગરમાગરમ ચાલી રહ્યો છે. ગાંધીનગર શહેરની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં રાજકીય ઉમેદવારો દ્વારા મોડી રાત્રિ સુધી ખાટલાં બેઠકો યોજવામાં આવી રહી છે જેના કારણે ઠંડીમાં પણ ચુંટણીના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં અલગ જ "ગરમાવો" અનુભવાઈ રહ્યો છે.

આ વખતે વિધાનસભાની ચુંટણીઓનો જંગ ત્રિપાંખીયો ખેલાઇ રહ્યો છે જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી મતદારોના મન જીતવા એડી ચોટીનું જોર લગાવી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારમાં મતદાતાઓમાં જ્ઞાતિવાદી સમીકરણો પણ ખૂબ મહત્વના હોયછે જેને અનુલક્ષીને ઉમેદવરો તેમજ પાર્ટીઓ દ્વારા વિવિધ રણનીતિ તૈયાર કરવામાં આવતી હોય છે જેથી શક્ય હોય તેટલાં વધુ મતદારો અંકે થઈ શકે અને જીત મેળવી શકાય. ગાંધીનગર ઉત્તર અને દક્ષિણ બંને બેઠકમાં ગ્રામ્ય વિસ્તારનો નોંધપાત્ર રીતે સમાવેશ થાય છે જેમાં ખાસ કરીને દક્ષિણ વિસ્તારમાં વધુ ગામડાં સમાવિષ્ટ છે. દક્ષિણ બેઠક પર ભાજપે અલ્પેશ ઠાકોરને ટિકીટ આપી છે અને તેઓ ગ્રામ્ય વિસ્તારમાં ઠાકોર યુવાનો સાથે ક્ષત્રિય મતાદારો પર વધુ દારોમદાર રાખી રહ્યાં હોવાનું હાલ તો જણાય છે, જોકે તેઓ પાટીદાર તથા અન્ય ઓબીસી ઉમેદવારોને પણ લક્ષ્યમાં રાખીને પ્રચાર કરી રહ્યાં છે જ્યારે બીજી તરફ કોંગ્રેસના હિંમાંશુ પટેલની પાટીદાર હોવાને નાતે પાટીદાર મતદાતાઓ પર પક્કડ મજબૂત હોવાનું માનવામાં આવી રહ્યું છે અને તેઓ પોતાના સૌમ્ય સ્વભાવને હથિયાર બનાવીને અન્ય જ્ઞાતિ સમાજના મતદારોને પણ આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યાં છે.

આ સાથે આપના ઉમેદવાર દોલત પટેલ પણ ગ્રામ્ય વિસ્તારમાં લાંબા સમયથી પ્રચાર કરી રહ્યાં છે અને જીતવા માટે આકાશ પાતાળ એક કરી રહ્યાં છે. ત્રણેય ઉમેદવારો તેમના મતવિસ્તારના ગામો ખુંદી રહ્યાં છે અને જરૂરી જણાય ત્યાં રાત્રે ખાટલાં બેઠકો પણ કરી રહ્યાં છે.

ગાંધીનગર ઉત્તર બેઠક પર ભાજપ અને આપ પાર્ટીએ પાટીદાર ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે જેમાં ભાજપે મહિલા ઉમેદવાર રીટાબેન પટેલ વતી શહેર પ્રમુખ રૂચિર ભટ્ટ સહિત પૂર્વ ધારાસભ્ય અશોકભાઇ પટેલ, રીટાબેન પટેલના પતિ કેતનભાઇ પટેલ સાથે ભાજપના અન્ય નેતાઓ અને અગ્રણીઓ ગ્રામ્ય વિસ્તારમાં કાચું ના કપાય તે માટે દિવસ-રાત એક કરી રહ્યાં છે.

તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે અજિતસિંહ ગ્રામ્ય વિસ્તારમાં ખાસ કરીને ક્ષત્રિય અને ઠાકોર મતબેંક પર સારું પ્રભુત્વ ધરાવતાં હોવાનું માનવામાં આવી રહ્યું છે.

આ કારણે ભાજપ સતર્ક બન્યો છે, જ્યારે અજિતસિંહ કોંગ્રેસના અગ્રણીઓ અને કાર્યકરો સાથે દરેક ગામની વારાફરતી મુલાકાત લેવા સાથે નાના મોટા ધાર્મિક અને સમાજિક પ્રસંગોમાં હાજરી આપી તેમનો ગઢ મજબૂત કરી રહ્યાં છે.

આ સાથે આપ પાર્ટીના ઉમેદવાર મુકેશભાઇ પટેલ પાટીદાર હોવા સાથે પૂર્વ સરકારી કર્મચારી પણ છે અને તેઓ ચુંટણીઓ તેમજ પ્રચાર બાબતે સારો એવો અનુભવ ધરાવે છે.

તેમની પાર્ટીની રણનીતિ અનુસાર તેઓ ગ્રામ્ય વિસ્તારમાં પાયાની સુવિધાઓ બાબતે નાગરિકોની પરેશાનીને ટાર્ગેટ કરીને મતદારોમાં પોતાની જગ્યા બનાવવા ભરપૂર પ્રયાસ કરી રહ્યાં છે.

ત્રણેય ઉમેદવારો આ બેઠક પરના ગ્રામ્ય મતદારોને રીઝવવા દિવસે પ્રચાર સાથે રાત્રે નાના મોટા જુથમાં ખાટલાં બેઠકોનો દૌર ચલાવી રહ્યાં છે જેના કારણે ગ્રામ્ય વિસ્તારમાં ઠંડીની ઋતુમાં પણ સારો એવો "ગરમાવો" અનુભવાઈ રહ્યો છે.



ગાંધીનગર જિલ્લાના પાંચ વિધાનસભા મતદાર વિભાગમાં મતદારોમાં મતદાનની જાગૃત્તિ આવે અને વધુ મતદાન કરીને સૌ મતદારો લોકશાહીના આ મહાપર્વમાં સહભાગી બને તે માટે શપથ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત ગોકુલપૂરા તથા સેકટર ૨૮ ખાતે સપથ લેવડાવ્યા હતા.

## કોલવડા જોગણીમાતાની રમેલમાં કોંગ્રેસના ઉમેદવાર વિરેન્દ્રસિંહે હાજરી આપી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગરના કોલવડા ખાતે સુપ્રસિદ્ધ રાજા જોગણી માતાના મંદિરે તા.૨૦મી નવેમ્બર રવિવારે રાત્રે માતાજીની ભવ્ય વાઈબ્રન્ટ જાતર (રમેલ)નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ગમન સાંથલ, ગેમરભાઈ ખાખડી, સંજયભાઈ ભાન્ડુ અને ભરતભાઈ માધુગઢ જેવા જાણિતા કલાકારોએ ભુવાજી રમણસિંહ વાઘેલાના માર્ગદર્શનમાં માહોલ જમાવ્યો હતો. આ પ્રસંગે વિધાનસભાની ગાંધીનગર ઉત્તર બેઠકના ઉમેદવાર વિરેન્દ્રસિંહ વાઘેલા ઉર્ફે



અજિતસિંહ વાસન ખાસ ઉપસ્થિત રહ્યાં હતા અને તેમણે ભુવાજી રમણસિંહના આશિર્વાદ મેળવ્યાં હતા. તેમની સાથે કોંગ્રેસના પૂર્વ કાર્યકારી શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા વિદ્યા લાયબ્રેરીવાળા પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે જોગણીમાતાના મંદિર દ્વારા ભુવાજીના હસ્તે અજિતસિંહનું શાલ ઓઢાડીને અભિવાદન કરાયું હતું. અજિતસિંહે જોગણીમાતાના દર્શન કરવા સાથે રમેલમાં બેસીને ધાર્મિક પ્રસંગનો લાભ લીધો હતો તેમજ કોલવડાના ક્ષત્રિય તથા અન્ય અગ્રણીઓ સાથે વાર્તાલાપ પણ કર્યો હતો. તેમણે આ પ્રસંગના પઢાર ધીરજસિંહજી વાઘેલા અને નિમંત્રક દર્શનસિંહજી વાઘેલા સાથે પણ મુલાકાત કરી હતી. આ પ્રસંગે તેમની વિનમ્રતા અને સાદગી જાતરમાં ઉપસ્થિત સૌ કોઈને સ્પર્શી ગઈ હતી અને ભુવાજીએ તેમને ભવ્ય જીતના આશિર્વાદ આપ્યાં હતા.

## ગોકુળપુરા માલધારી વસાહતના નવા હોદ્દેદારો નિમાયા

ગાંધીનગર, તા. ૨૧

ગોકુળપુરા માલધારી વસાહતની સામાન્ય સભા ભાઈબીજના દિવસે મળી હતી. જેમાં સર્વાનુમતે નવા હોદ્દેદારોની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે જી.કે. દેસાઈ, ઉપપ્રમુખ તરીકે જીવણભાઈ રબારી અને જી.કે. ભરવાડ, મહામંત્રી તરીકે વાલજીભાઈ ભરવાડ અને મહેશભાઈ રબારી તથા મંત્રી તરીકે ગણેશભાઈ ભરવાડ અને શાહરભાઈ દેસાઈનો સમાવેશ થાય છે.

# શિયાળાની ગુલાબી ઠંડી વચ્ચે શરીરને સ્વસ્થ રાખવાનો પ્રયાસ

### શિયાળાની ઠંડી જોર પકડી રહી છે, ત્યારે ગાંધીનગર ના સેન્ટ્રલ વિસ્ટા,સરિતા ઉદ્યાન,અને પુનિત વનમાં વોકિંગ અને કસરત કરવા આવતા લોકોની સંખ્યા વધી રહી છે

ગાંધીનગર, તા. ૨૧

શિયાળાની ઋતુ ની શરૂઆત થઈ ગઈ છે. ફૂલ ગુલાબી ઠંડી નો અહેસાસ થાય છે. ત્યારે ગાંધીનગર માં વહેલી સવારે લોકો ગાર્ડનમાં ચાલવા, યોગા કરવા અને કસરતના અલગ અલગ કરતબ કરતા જોવા મળે છે સવારે ૪ વાગ્યાથી દિવસની શરૂઆત થઈ જાય છે. વહેલી સવારથી જ લોકો અહીં કસરત, રનિંગ, વોકિંગ, યોગા અને વ્યાયામ માટે આવી જાય છે.

ગાંધીનગર વાસીઓ માટે સેન્ટ્રલ વિસ્ટા,સરિતા ઉદ્યાન,પુનિત વન એ કસરત, યોગા અને વ્યાયામનું હબ કહીએ તો પણ ખોટું નથી! અહીં ચારેતરફ ફેલાયેલી અફાટ હરિયાળી, શાંત અને શુદ્ધ વાતાવરણ, પક્ષીઓનો કલરવ, હરિયાળા મેદાનો, લોન ગાર્ડન, પાક્કા રસ્તા વગેરે વોકર્સ, વ્યાયામવીર અને જોગર્સોને પ્રેમમાં પાડી દે, તેવું છે! લોકો અહીંયા વિના રોકટોકે, શાંતિભર્યા વાતાવરણમાં અને ખુલ્લી જગ્યામાં વ્યાયામ, યોગા તથા વિવિધ કસરતો કરતાં હોય છે. જેમાં નાના બાળકો થી લઈને વયોવૃદ્ધ વડીલો પણ સામેલ હોય છે.

શિયાળાની ઋતુને સ્વાસ્થ્યવર્ધક ઋતુ તરીકે પણ ઓળખવામાં આવે છે, ત્યારે



શિયાળાની શરૂઆતથી જ કસરત અને વિવિધ પ્રકારના વ્યાયામ સાથે જોડાઈને લોકો આખા વર્ષની સ્ફૂર્તિ જમા કરી લેતાં હોય છે.

શિયાળાની શરૂઆત થઈ છે ત્યારે સિનિયર સીટીઝન હોય કે યુવાનો સ્વસ્થ રહેવા માટે વહેલી સવાર ગાર્ડન કે ખુલ્લી જગ્યાએ જતા હોય છે. ગાંધીનગરમાં પણ આજ પ્રકારના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. શહેરમાં વિવિધ બાગ બગીચામાં યુવાનો અને વયસ્ક નાગરિકો યોગા અને કસરત કરતાં નજરે પડી રહ્યા છે. નિયમિતપણે કસરત કરવાથી તન અને મન બંને તંદુરસ્ત રહે છે. નિયમિત વોકિંગ કરનારા લોકોના આયુષ્યમાં ૧.૩ વર્ષનો વધારો થાય છે. હૃદય હુમલાની શક્યતાઓ નહિવત થાય છે. અનિદ્રાનો ભોગ બનતાં નથી. બ્લડપ્રેશર કાબુમાં રહે છે, સાથે કોલેસ્ટ્રોલમાં પણ ઘટાડો થાય છે. નિયમિતપણે વ્યાયામ કરવાથી માંસપેશીઓ અને હાડકામાં પણ મજબૂતી આવે છે.

કોરોના કાળ બાદ લોકો પોતાના સ્વાસ્થય પ્રત્યે વધુ ધ્યાન આપી રહ્યા છે આમ પણ શિયાળા ને આરોગ્ય વર્ધક માનવામાં આવે છે. શિયાળાની ફૂલગુલાબી ઠંડી વચ્ચે કસરત અને યોગા થકી શરીરને સ્વસ્થ રાખવાનો પ્રયાસ થઈ રહ્યો છે એ સારી બાબત કહી શકાય.